647510 **BRS2GujE801A** **Seat No :________**

**B.R.S. Semester - 2 (*CBCS*) Examination**

**March/April – 2023 (New Course)**

**GUJARATI (ELE-8)**

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

**પ્રશ્ન.૧ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો.** (૧૪)

આપણા શિક્ષણશાસ્ત્રીઓ આપણા છોકરાઓને પઢાવીને પોપટ બનાવી મૂકે છે. અને તેમનાં ભેજામાં અનેક વિષયો ઠાંસી ઠાંસીને મગજને ખરાબ કરી નાખે છે. આ ઉચ્ચ કેળવણી રહે કે જાય તો પણ એમાં થૈ શું ગયું એ કરતાં તો લોકોને જો સહેજ પણ હુન્નર-ઉદ્યોગનું શિક્ષણ મળે તો વધારે સારુ. જેથી નોકરી માટે દોડાદોડી અને બૂમબરાડા પાડવાને બદલે તેમને કામ મળે અને તેઓ રોટલો કમાઇ શકે.. આધુનિક કેળવણીએ તમારું જીવનધોરણ ફેરવી નાખ્યું છે પણ સંશોધન પ્રતિભાના અભાવે સંપત્તિના નવા માર્ગો હજુ વણશોધ્યા પડ્યા છે. આ સહનશીલ જનતાને તમે આજ સુધી કચડી છે. હવે તેનો બદલો લેવાનો વારો આવ્યો છે. તમે નોકરીને તમારું જીવન સર્વસ્વ બનાવીને તેની મિથ્યા શોધમાં જ નાશ પામવાનાં છો.

**– સ્વામી વિવેકાનંદ**

**પ્રશ્ન.૨ નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો.** (૧૪)

એક ભૂલની સજા હું આજ લગી ભોગવી રહ્યો છું. ભણતરમાં અક્ષર સારા લખવાની જરૂર નથી. એવો ખોટો ખ્યાલ મારા મનમાં ક્યાંથી આવ્યો એ હું જાણતો નથી. પણ છેક વિલાયત જતાં લગી એ રહ્યો. પછી મુખ્યત્વે કરીને દક્ષિણ આફ્રિકામાં જયાં વકીલોના અને દક્ષિણ આફ્રિકામાં જન્મેલા અને ભણેલા નવયુવકોનાં મોતીનાં દાણા જેવા અક્ષરો જોયા ત્યારે હું લજવાયો અને પસ્તાયો. મેં જોયું કે નઠારા અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની ગણવી જોઇએ. મેં મારા અક્ષર પાછળથી સુધારવા પ્રયત્ન કર્યો પણ પાકા ઘડે કંઇ કાંઠા ચડે. જુવાનીમાં જેની મેં અવગણના કરી તે હું આજ લગી નથી જ કરી શક્યો. દરેક નવયુવક અને યુવતી મારા દાખલાથી ચેતે અને સમજે કે સારા અક્ષર એ વિદ્યાનું આવશ્યક અંગ છે. સારા અક્ષર શીખવા સારી ચિત્રકલા આવશ્યક છે. હું તો એવા અભિપ્રાય ઉપર પહોંચ્યો છું કે બાળકોને ચિત્રકળા પ્રથમ શીખવવી જોઇએ.

**– ગાંધીજી**

**પ્રશ્ન.3** નીચેનાં વિરામચિન્હ વિશે લખો. **(૧૪)**

વિરામચિન્હોનું મહત્વ સમજાવી, અને પ્રશ્નાર્થ, ઉદગાર અને પૂર્ણવિરામ વિશે સમજાવો.

**પ્રશ્ન.૪ નીચેનામાં (અ) અને (બ) વિભાગમાંથી માંગ્યા મુજબ જવાબ આપો.** (૧૪)

**(અ) નીચેની કહેવતોનો અર્થ સમજાવી, અને તેનો વાક્યમાં પ્રયોગ કરો.**

(1) કડવો ઘુંટડો ગળે ઉતારવો (2) કજિયાનું મોં કાળું
(3) કરો એવું પામો વાવો એવું લણો (4) કાગડા બધે ય કાળા
(5) શાંત પાણી ઉંડા હોય (6) મગરનાં આંસું સારવા (7) દાઝ્યા ઉપર ડામ

**(બ) નીચેની રૂઢિપ્રયોગનો અર્થ સમજાવી, તેનો વાક્યમાં પ્રયોગ કરો.**

(1) ગળગળા થઇ જવું (2) જાનની બાજી લગાડી દેવી
(3) મનમાં ગાંઠ બાંધી લેવી (4) ખાંડાની ધારે ચાલવું
(5) જીવ તાળવે ચોંટવો (6) મોતિયાં મરી જવા (7) ટાપસી પૂરવી

**પ્રશ્ન.૫ નીચેના કોઇપણ બે સમાસનો સોદાહરણ અને વિસ્તારથી પરિચય કરાવો.** (૧૪)

(1) દ્વન્દ્ર સમાસ (2) બહુવ્રીહિ સમાસ (3) તત્પુરુષ સમાસ

*******************************